श्रीकृष्णाय नमः ।

श्रीगोपीजनवल्लभाय नमः ।

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।

श्रीसुबोधिनी

श्रीकृष्णाय नमः ।

सप्तमोऽध्यायः ।

सप्तमे कामतः प्रोक्तो विवाहस्तामसः परः ।
सात्त्विकश्च प्रसङ्गेन क्लेशेनोभे निवारिते ॥१॥
क्लेशापनोदनार्थाय चौर्यमत्र निरूप्यते ।
वाचिकं कायिकं चैव कायेन वचनेन च ॥२॥
सम्बन्धी च तथा भक्तः स्वापराधापनुत्तये ।
सत्यभामा जाम्बवती ताभ्यां सम्यक् निरूपिते ॥३॥
गुणा एतास्ततोऽग्रे तु विद्यारूपा निरूपिताः ।
एवमष्टौ महिष्यो हि सात्त्विक्यस्तु ततः पराः ॥४॥
विवाहाः सप्त कामेन कृपया तु सहस्रशः ।
विधितस्त्वेक एवोक्तो द्वयोरत्र निरूप्यते ॥५॥

VIBRANT PUSHTI * VADODARA *

દશમ સ્કંદ ઉત્તરાર્ધ અધ્યાય સાતમો

''રાજસ સાધન પ્રકરણ''

કારીકા :

કારિકા -૧ : સાતમા અધ્યાયમાં કામથી થએલા તામસ્ વિવાહ અને પ્રસંગથી થએલો બીજો સાત્વિક વિવાહ કહેલ છે. કલેશથી બંનેનું રક્ષણ કરેલ છે. (૧)

કારિકા - ૨ : અપકિર્તિ દૂર કરવા માટે અહીં ચોરીનું નિરૂપણ કર્યુ છે. વાણીની અને કાયાની અનુક્રમે કાયાથી અને વાણીથી દૂર કરેલી છે.(૨)

કારિકા -૩ : સંબંધીએ અને તે પ્રમાણે ભક્ત તે બેએ પોતાનો અપરાધ દૂર થાય તે માટે સત્યભામા અને જાંબુવતિને પરણાવી.(૩)

કારિકા- ૪ : આ ગુણરૂપ છે. પછી આગળ વિદ્યારૂપ પત્નીઓ કહેલી છે. એવી રીતે આઠ મહારાણીઓ છે. બીજી તો સાત્વિક છે.(૪)

કારિકા - ૫ : સાત વિવાહો કામથી થએલા છે. કૃપાથી તો હજારો વિવાહો થયા છે. વિધિ પ્રમાણે તો એક જ થએલો છે. અહીં બેનું વર્ણન કરવામાં આવે છે.

रुक्मिण्या विवाहं पुत्रसम्पत्तिं चोक्त्वा, निमित्तवशात् सत्यभामाया विवाहमाह सत्राजित इति ।

श्रीशुक उवाच - सत्राजितः स्वतनयां कृष्णाय कृतकिल्बिषः ।
स्यमन्तकेन मणिना स्वयमुद्यम्य दत्तवान् ॥१॥

सत्राजित् शब्दः तकारान्तः । अकारान्तोऽपि सत्रान् रक्षकसहितानपि जयतीत्यर्थे क्विप् । सत्राणां जितं यस्मादिति क्तान्तेन बहुव्रीहौ अदन्तता भवति । एतदधीन एव महतामपि जय इति द्वितीयोर्थः । स्वतनयां स्वयमुद्यम्य दत्तवानिति । अप्रार्थितः अनभिप्रेतश्च । तथापि दाने हेतुः कृतकिल्बिष इति । कृतापराधः । तदपराधदूरीकरणार्थं स्यमन्तकेन मणिना सह । यत्कृते अपराधः

तदपराधनिमित्तं दण्डार्थे कन्यां च दत्तवान् । संक्षेपकथेयमिति केचित् । वस्तुतस्तु न समाधिभाषा । नह्युदारलीलावतः अपकीर्त्यादिकं समाधिकार्यं भवति । भक्तिसाधकानामेव चरित्राणां वक्तव्यजात् । कृतकिल्बिष इति । यथाकथञ्चिदपराधोऽपि सम्भवति । अतोऽनभिप्रतत्वेन कल्पान्तरत्वेन वा अवचनम् । वस्तुतः सत्यभामा सरस्वत्यंशा भूम्यंशा वेति तस्या विवाहार्थं तथोद्योगः भगवतैव कृतः । स्वीकारोऽत्र वक्तव्यो राजसानाम्, तदर्थं स्त्रीप्रकरणे सत्यभामादीनां परिग्रहमात्रमत्र वक्तव्यम् ॥१॥

नन्वाकाङ्क्षापूरणाभावता संक्षेपपरत्वमेव कुतो न भवतीति चेत् । मैवम् । मित्रविन्दाविवाहवद्यावदुक्तेनैव आकाङ्क्षानिवृत्तिसम्भवात् । विशेषं पृच्छति ।

રૂકિમણીનો વિવાહ અને તેને પુત્રની પ્રાપ્તિ કહીને નીચેના શ્લોકથી સત્યભામાનો વિવાહ કહે છે.

<u>શ્લોકાર્થ -૧ :</u> *જેને અપરાધ કર્યો હતો તેવા સમજીને પોતે ઉદ્યમ કરીને શ્યમંતક મણી સાથે પોતાની પુત્રી શ્રીકૃષ્ણને આપી. (૧)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u>'સત્રાજીત' શબ્દ જેને અંતે 'ત' અને 'અ' હોય તેવો છે. સત્રાન એટલે રક્ષણ કરનાર અને તેને પણ જીતે છે. તે સત્રાજીત એમ બહુવ્રીહિ સમાસ થતાં. મોટા પુરૂષનો પણ જય આને આધીન છે. એવો અર્થ છે. તેવા સત્રાજીતે પોતે ઉદ્યમ કરીને પોતાની પુત્રી આપી. ભગવાને તે માટે પ્રાર્થના કરેલી નહતી. તેમ જ ઈચ્છા પણ જણાવી ન હતી. છતાં પુત્રી આપવાનું કારણ 'જેને અપરાધ કર્યો હતો' વિશેષણથી કહેલું છે. તેને અપરાધ કર્યો હતો તે દૂર કરવા શ્યમંતક મણી સાથે તેને દંડરૂપી પુત્રી આપી. કેટલાક એમ કહે છે કે આ ટૂંકી કથા કહી વાસ્તવીક રીતે વિસ્તાર સમાધિભાષા નથી. કારણ કે ઉદાર લીલાવાળા ભગવાનની અપકિર્તિ વિગેરે સમાધિ ભાષાનું કાર્ય નથી. કારણ કે ભક્તિ પ્રાપ્ત કરાવે તેવા ચરિત્રો કહેવા યોગ્ય છે.

જેને અપરાધ કર્યો હતો એ વિશેષણથી હરકોઈ પ્રકારે અપરાધ થવાનું સંભવે છે. તેથી તે ઈચ્છેલું નહિ હોવાથી અથવા બીજા કલ્પમાં થએલ હોવાથી શુકે પોતે કહેલ નથી.

વાસ્તવીક રીતે સત્યભામા સરસ્વતિના અંશરૂપ અથવા ભૂમીના અંશરૂપ હતી. તેથી તેની સાથે પોતાન વિવાહ માટે તેવો પ્રયત્ન ભગવાને પોતે કરેલો જ નહિ. અહીં રાજસોનો ભગવાને કરેલ સ્વીકાર કહેવાનો છે. તે માટે સ્ત્રી પ્રકરાણમાં આ પહેલા શ્લોકથી જાણવાની ઈચ્છા પુરી થતી નથી. તો કથા ટુંકી કેમ નહિ ? એવી શંકામાં એમ ન માનવું કારણ કે ઈચ્છા પુરી થવાનું સંભવે છે. વધારે રાજા પૂછે છે.(૧)

राजोवाच - सत्राजित: किमकरोद्ब्रह्मन्कृष्णस्य किल्बिषम् ।
स्यमन्तक: कुतस्तस्य कस्माद्दत्ता सुता हरे : ।।२।।

सत्राजित इति । ब्रह्मन्निति ज्ञानार्थम् । कृष्णस्य सदानन्दस्य कथं वा कोऽप्यपराधं कुर्यात् । तत्रापि पालकस्य । अपराधनिमित्त: स्यमन्तको वा भगवद्भक्तानां कुत: । देवतान्तरभजनात् तथात्वे कथं वा तस्य निरोधे सम्बन्ध इति प्रश्नाभिप्राय: । विरूद्धानामपकारकरणं युक्तम् । तथा सति तेषां सर्वस्वेन सह कन्यादानं चायुक्तम्, तस्मात् कथमयमुभयात्मक इति । कस्माद्धेतो: सुतां दत्तवान् । कन्यापि सूर्यादेव प्राप्ता वरलब्धा, न तु तस्य औरसी, भगवान् नन्दपुत्र इव तस्यापि कन्येति पुराणान्तरव्यवस्था । अत एव यादवानां विवाहदोषो न शङ्कनीय: । अत्रापि 'स्त्रीरत्नं रत्नमेव च' ति वाक्यात् देवादेव प्राप्तमिति लक्ष्यते । भगवानपि अक्लिष्टकर्मा सगोत्रापक्षे विवाहं न कुर्यात् ।।२।।

विस्तरेण वक्तुं कथामारभते आसीदिति ।

<u>શ્લોકાર્થ -૨ :</u> હે બ્રહ્મન ! સત્રાજિતે શ્રીકૃષ્ણનો શું અપરાધ કર્યો? તેની પાસે સ્યંમતક કયાંથી ? તેને પુત્રી શા માટે આપી ?(૨)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> હે બ્રહ્મન! એ સંબોધન શુકને આ બધું જ્ઞાન છે. તે જાણાવવા કરેલ છે. સદાનંદ કૃષ્ણનો અને તેમાં રક્ષણ કરનારનો અપરાધ કેવી રીતે થઇ શકે? વળી ભગવાનના ભકતો પાસે અપરાધ કેવી રીતે થઇ શકે? વળી ભગવાનના ભકતો પાસે અપરાધના કારણરૂપ શ્યમંતક કયાંથી હોય? બીજા દેવનું ભજન કરવાથી નિરોધ સાથે સંબંધ કેવી રીતે થાય? એવો

VIBRANT PUSHTI * VADODARA *

પ્રશ્નનો અભિપ્રાય છે.

વિરોધીઓ અપકાર કરે તે યોગ્ય છે પર સત્રાજિત વિરોધી હોય તો શ્યમંતક મણી સાથે પોતાની પુત્રનું દાન કરે તે ઘટતું નથી. તો આ સત્રાજીત બંને પ્રકારનો કેમ હતો એવો પ્રશ્ન છે. તેને શા પ્રયોજનથી પુત્રી આપી? કન્યા સૂર્યથી જ વરદાનથી પ્રાપ્ત થઇ હતી. પરંતુ તે ઔરસ પુત્રી ન હતી. ભગવાન નંદના પુત્ર હતા તેમ તેની પણ આ કન્યા હતી.એમ બીજા પુરાણોમાં પણ તેની કથા છે. તેથી જ યાદવો પરસ્પર વિવાહ કરતા એવો દોષ માનવો નહિ.અહીં પર સ્ત્રી રત્ન અને રત્ન પણ આપીશ એમ કહેલ હોવાથી તે સ્ત્રીરત્ન દેવ પાસેથી મેળવેલ એમ સૂચવેલું છે. કલેશ વગર કામ કરનાર ભગવાન પણ સમાન ગોત્રની હોય તો તેની સાથે વિવાહ ન કરે. (૨) વિસ્તારથી હવે કહે છે.

श्रीशुक उवाच - आसीत्सत्राजितः सूर्यो भक्तस्य परमः सखा ।

प्रीतस्तस्मै मणिं प्रादात्सूर्यस्तुष्टः स्यमन्तकम् ॥३॥

स्वतन्त्रकथेयमित्यप्यासीदित्यनेन सूचितम् । सत्राजित आसीदिति भिन्नं वाक्यम् । तस्य महत्वं ख्यापयितुमाह । सूर्योऽपि भक्तस्य परमः सखा आसीदिति । भक्तस्य सख्यं शीघ्रं प्रयच्छतीति सूयर्वस्य स्वभावो वर्णितः । अनेन सूर्यः परमदयालुः, अल्पेऽपि भजने बहु प्रयच्छतीति निरूपितम् । ततो यज्जातं तदाह प्रीतस्तस्मै मणिं प्रादादिति । मणिः स्यमन्तकः । कुत्रत्यो मरिरित्याकाङ्क्षायामाह सूर्य इति । स हि मणिं सूते । सर्वमेव सूर्यात्प्रभूतमिति तस्य मणिरुत्पादित इति लक्ष्यते । यतः प्रीतः, तस्य भक्त्या संतुष्टः, स्यमन्तकमुत्पादितवान् । उत्पाद्यापि ततोऽपि प्रीतः प्रकर्षेणादात् । तस्मिन् सामर्थ्यं स्थापयित्वा अदात् । प्रकार्षेणैव दानात् भोगार्थं भोगसाधनसम्पादनार्थं च तज्जातमिति लक्ष्यते ॥३॥

अतस्तस्य प्रथमतो भोगमाह स तं बिभ्रदिति ।

શ્લોકાર્થ - ૩ : સત્રાજિત થઇ ગયો. સૂર્ય ભક્તનો પરમ મિત્ર હતો. સૂર્યે પ્રસન્ન થઇ તેને મણી આપ્યો. સારીરીતે પ્રસન્ન થએલા સ્યમંતક મણી ઉત્તમ પ્રકારે આપ્યો. (૩)

ભાવાર્થ, સુબોધિનીજી : થઇ ગયો એ શબ્દથી એમ સૂચવ્યું છે કે આ સ્વતંત્ર સમાધિમાં નહિ જોએલી કથા છે. 'સત્રાજિત થઇ ગયો' એ જુદુ વાક્ય છે. 'સૂર્ય પણ ભક્તનો પરમ મિત્ર હતો' તે મિત્રને તુરત દાન કરે છે. તેથી સૂર્ય ઘણો દયાળું છે. અને થોડું ભજન કરતાં પણ ઘણું આપે છે. એમ તેના ગુણો કહેલ છે. 'પ્રસન્ન થઇ તેને મણિ આપ્યો' શબ્દથી કહેલ છે. મણિ એટલે સ્યમંતક મણી ક્યાંથી આવેલો તે જાણવાની ઇચ્છા થાય તેથી 'સૂર્ય ઉત્પન્ન કરનારે' શબ્દ યોજેલ છે. કારણ કે તે મણિ ઉત્પન્ન કરે છે. બધું જ સૂર્યથી ઉત્પન્ન થએલું છે. તેથી તે માત્ર મણિ જ ઉત્પન્ન કરેલો એવું અનુમાન થાય છે. તેને ભક્તિથી સારી રીતે પ્રસન્ન થઇ સ્યમંતક ઉત્પન્ન કર્યો અને પછી સારી રીતે ઉત્તમ પ્રકારે આપ્યો. એટલે તેનામાં શક્તિ મૂકીને અનુમાન થાય છે. (૩)

VIBRANT PUSHTI * VADODARA *

નીચેના શ્લોકમાં તેના ભોગનું કહે છે.

स तं बिभ्रन्मणिं कण्ठे भ्राजमानो यथा रविः ।
प्रविष्टो द्वारकां राजंस्तेजसा नोपलक्षितः ॥४॥

स्वतेजस्तस्मिंस्थापितमिति तद्धारणेन सूर्य एव धृतः । अत एव तत्प्रभावाद्यथा रविः, तथा भ्राजमानो जातः । स चेदन्यत्र तिष्ठेत्, न काप्यनुपपत्तिर्भवेत् । सूर्यश्च रक्षको भवेत् । स पुनस्तद्गृहीत्वा द्वारकास्थितान् भक्तान् वञ्चयन्निव समागतः । ततः सूर्येण उपेक्षित इत्यभिप्रायं वक्तुं तस्य द्वारकाप्रवेशमाह प्रविष्टो द्वारकामिति । राजन्निति सम्बोधनमन्यविषये अन्यो रक्षां न करोतीति ज्ञापयितुम् । तस्य मनोरथः सिद्ध इत्याह तेजसा नोपलक्षित इति ।

तस्य प्रभावः सर्वजनीनो जात इति वक्तुं लोकानां भ्रममाह तं विलोक्येति ।

શ્લોકાર્થ -૪ : હે રાજન! તે મણિને કંઠમાં ધારણ કરીને સૂર્યની પેઠે પ્રકાશતો દ્વારકામાં પ્રવેશેલો તે તેજને લીધે ઓળખાયો નહિ.(૪)

ભાવાર્થ, સુબોધિનીજી : સૂર્યે પોતાનું તેજ તે મણિમાં મૂકેલું. તેથી તેને ધારણ કરવાથી સૂર્યજ ધારણ કરાર્યો. તેથી મણિના પ્રભાવને લીધે જેમ સૂર્ય પ્રકાશે

તેમ પ્રકાશતો થયો. જો તે તેનું રક્ષણ કરનાર થાય. પર તે ધારણ કરીને દ્વારકામાં બધાને બતાવવા આવ્યો. તેથી સૂર્યે તેની દરકાર કરી નહિ. તે જણાવવા 'દ્વારકામાં પ્રવેશેલો' શબ્દોથી તેને દ્વારકામાં પ્રવેશ કર્યો તે કહેલ છે. હે રાજન ! એ સંબોધન 'તેજને લીધે ઓળખાયો નહિ' શબ્દોથી તેનો મનોરથ ફળ્યો એમ કહેલું છે. (૪)

તેનો પ્રભાવ સર્વના જાણવામાં આવ્યો તે હવે કહે છે.

तं विलोक्य जना दूरात्तेजसा मुष्टदृष्टयः ।
दीव्यतेऽक्षैर्भगवते शशंसुः सूर्यशङ्किताः ॥५॥

निकटे ज्ञायेतापि । दूरादेव तत्रापि तेजसा मुष्टदृष्टयः । स्वस्वामिनः स्थाने महान्तोऽपि समायान्तीति संतोषात् भगवत्स्थाने समागताः । भगवानपि अन्यासक्तः नास्य सन्मानननं करिस्यति, ततोऽयं अस्मान् विलम्बितः तेजसा पीडयिष्यतीति, सूर्यात् शङ्किताः लौकिकव्यसनरूपे द्यूते अक्षैर्दीव्यते भगवते शशंसुः । शतमक्षान् विजानातीति मध्येऽधिदेवन एव सभ्ये अक्षक्रीडेति विमर्शः । अन्यथा धर्मस्थापनार्थमवतीर्णः कथमक्षक्रीडां कुर्यात् । मुख्यं हि तद धर्मस्थानमिति । सूर्यस्य समागमनं बाधितं मत्वाह भगवत इति ॥५॥

सूर्यागमनेन स्वतोपि ज्ञातमहत्त्वाः स्तुत्वा भगवन्तं विज्ञापयन्ति नारायणेतित्रिभिः ।

<u>શ્લોકાર્થ - ૫ :</u> *તેને દૂરથી જોઈને, તેજને લીધે નાશ પામેલી દૃષ્ટિવાળા સૂર્યથી ભય પામેલા માણસોએ પાસાથી રમતા ભગવાનને કહ્યું. (૫)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> તે નજીક હોય તો ઓળખાય પણ ખરો પણ દૂરથી જ તેને જુઓ અને તે તેજથી નાશ પામેલી દૃષ્ટિવાળા થયા. પોતાના સ્વામીના રહેઠાણે મોટા પુરૂષો પણ આવે છે એમ સંતોષને લીધે તેઓ ભગવાનના રહેઠાણે આવ્યા.

ભગવાન પણ બીજા કાર્યમાં રોકાએલા હોઈ આનું સન્માન કરશે નહિ તેથી ખોટી થએલો આ તેજથી આપણને દુઃખ દેશે. એમ સૂર્યના ભયથી

તેઓએ ભગવાન પાસાની રમત કરતા હતા. તેને કહ્યું સો પુરૂષ પાસાની રમત જાણે છે. તેથી વચ્ચમાં જુગાર ખેલવાનાં દિવસે સારા પુરૂષની રમતમાં પાસાની રમત ગણાય છે. એવો નિર્ણય થાય છે. તેમ ન હોય તો ધર્મનું સ્થાપન કરવા અવતરેલા ભગવાન પાસાની રમત કેમ રમે? કારણ કે તે રમત અધર્મનું સ્થાન છે. 'ભગવાન' શબ્દ યોજીને સૂર્યનું આવવાનું વિઘ્નરૂપ થશે એમ સૂચવેલ છે. સૂર્યના આવવાથી તેમને સ્તુતિ કરી તે ત્રણ શ્લોકથી કહે છે. (૫)

VIBRANT PUSHTI
VADODARA

नारायण नमस्तेऽस्तु शङ्खचक्रगदाधर ।

दामोदरारविन्दाक्ष गोविन्द यदुनन्दन ॥६॥

एष आयाति सविता त्वां दिदृक्षुर्जगत्पते ।

मुष्णन्गभस्तिचक्रेण नृणां चक्षूंषि तिग्मगुः ॥७॥

नन्वन्विच्छन्ति ते मार्गं त्रिलोक्यां विबुधर्षभाः ।

ज्ञात्वाद्य गूढं यदुषु द्रष्टुं त्वां यात्यजः प्रभो ॥८॥

नारायणपदं सूर्यान्तर्यामी नारायण इति तस्मिन्नागते अन्तर्यामिप्रेरणव्यतिरेकेण कार्यं न सिध्यतीति विज्ञापनार्थं सूर्यागमनं सम्भवीति हेतुरुक्तः । अतस्ते नमः । नमस्कारमात्रं वा अस्मत्साध्यमिति । शङ्खचक्रगदाधरेति । शेषशायिनं नारायणं व्यावर्तयति । नारायणत्वं वा स्थापयन्ति । दामोदरेति भक्तकृपालुत्वम्, तादृशस्यात्रागमने हेतुरुक्तः । अरविन्दाक्षेति । समागतस्य तापापनोदनं कार्यमुक्तम् । गोविन्देति तथाकरणे आवश्यकत्वम् । यतोऽयमिन्द्रो जातः । किञ्च, यदुनन्दनेति तदर्थमेवावतीर्णः ।

अत एवात्र बहु कार्यं तवास्तीति स्वत आगमनाभावात् स्वयमागत इत्याहुः एष आयातीति । आगतस्य विज्ञाप्यमस्तीत्याहुः सवितेति । प्रसवितायम् । सांप्रतं च भगवान् लीलया च तिष्ठतीति तदनुगुणप्रसवार्थं प्रष्टुमागत इत्यर्थः । प्रश्नस्तु दूतद्वारापि सम्भवतीति विशेषमाहुः त्वां दिदृक्षुरिति । स्नेहाभावेऽपि दर्शनमावश्यकमित्यत्र हेतुमाहुः जगत्पत इति । स्वस्य निवेदन हेतुं वदन्त आहुः

मुष्णन्गभस्तिचक्रेणेति। दूरे स्थितस्य गर्भस्तयोऽल्पीयांसः समायान्ति, निकटे तु गर्भस्तिचक्रेण पीडयति । नृणामित्यल्पसत्त्वता । तर्ह्ययं दोषो निवारणीय इत्याशङ्क्य तस्य स्वाभाविकोऽयमित्याह नृणां चक्षूंषि तिग्मगुरिति । ज्ञानप्रदो भगवान् अत्र समागतः । ज्ञानसाधनमेव दूरीकरोतीति प्रतिविधेयः ।

ननु तथापि भवन्तोन्तरज्ञाः, तन्निवारयतेति चेत्, तत्राह मन्वन्विच्छन्तीति । देवाः समागच्छन्तः कथं वारणीयाः, तत्रापि स्वप्रभुं द्रष्टुम्, तत्रापि विबुधर्षभाः । किञ्च । अद्य यदुषु गूढं ज्ञात्वा समागताः । तत्र यदि कश्चिन्निवारणं कुर्यात्, तदा अनेनैव प्रतार्यत इति तमेव मारयेयुः । ननु तथापि सूर्यो नायास्यति, स हि सर्वदा व्यापृतः, तत्राह द्रष्टुं वायात्यज इति । ब्रह्मा वा द्रष्टुमायाति । अवतीर्णस्य रूपान्तरस्वीकारणेनान्यथात्वे पूर्वव्यवहारोऽनुचित इत्याशङ्क्याह प्रभो इति । हे सर्वसमर्थ ॥८॥

तदा भगवान् कर्म न परित्याज्यमिति स्वयं तथैव स्थितः प्रजानां मोहं दूरीकृतवानित्याह निशम्येति ।

<u>શ્લોકાર્થ - ૯ :</u> *હે નારાયણ ! હે શંખ, ચક્ર, ગદા ધારણ કરનારા ! હે દામોદર ! હે કમળ જેવા નયનવાળા ! હે ગોવિંદ, હે યદુનંદન ! આપને નમસ્કાર હો ! (૯)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> નારાયણ શબ્દનો અર્થ એવો છે કે નારાયણ સૂર્યના અન્તર્યામી છે. એટલે તે ભૂતળ ઉપર પધારતાં તેની પ્રેરણા વગર કાર્ય સિદ્ધ થાય નહિ તેથી વિજ્ઞપ્તિ કરવા સૂર્યને આવવાનું કારણ કહેલ છે. તેથી 'આપને નમસ્કાર હો' ! અથવા હમારાથી ફક્ત તમને નમસ્કાર થઈ શકે એમ છે એવો અર્થ છે. 'શંખ, ચક્ર અને ગદાને ધારણ કરનાર શબ્દોથી સૂચવે છે કે આ શેષ પર શયન કરનાર નારાયણ નથી. આથી શ્રીકૃષ્ણમાં નારાયણપણું સિદ્ધ થયું. દામોદર ! શબ્દથી ભક્તો ઉપર કૃપા કરનાર તે અહીં પધારવાનું કારણ કહેલ છે. 'કમળ જેવાં નયનોવાળા' શબ્દથી ભુતળ ઉપર પધારેલા ભગવાનનું બીજાનું દુઃખ દૂર કરવાનું કહેલ છે. 'ગોવિંદ' શબ્દથી તે માટે જ અવતરેલા છે એમ કહેલ છે. (૯)

VIBRANT PUSHTI VADODARA

અહીં આપણને ઘણું કાર્ય હોવાથી તમો સૂર્ય પાસે આવ્યા નહિ તેથી તે પોતે આવ્યો તે નીચેના શ્લોકથી કહે છે.

શ્લોકાર્થ - ૭ : હે જગતના પતિ માણસોના નયનોને કિરણોના સમુહથી આંજી દેતો આપનાં દર્શનની ઈચ્છાવાળો આ સૂર્ય આવે છે. (૭)

ભાવાર્થ, સુબોધિનીજી : આવીને તેને વિજ્ઞપ્તિ કરવાની છે એમ સૂર્ય શબ્દથી કહેલું છે. આ ઉત્પન્ન કરનારો છે. અને હમણાં ભગવાન લીલાથી રહે છે. તેથી તે લીલાને અનુકુળની ઉત્પત્તિ થાય એમ પૂછવા આવે છે એવો અર્થ છે. પ્રશ્ન તો દૂત દ્વારા પણ થઇ શકે તેથી આપના દર્શનની ઈચ્છાવાળો વિશેષણથી કહે છે. આપણા ઉપર સ્નેહ ન હોય તો પણ દર્શનની ઈચ્છા જરૂર છે. એમ હે 'જગતના પતિ' એ સંબોધનથી કહે છે. 'કિરણોના સમુહથી આંજી દેતો' શબ્દથી પોતે ભગવાનને નિવેદન કરવાનું કારણ કહેલું છે. 'માણસોના' શબ્દથી થોડા સત્વવાળા હોવાનું જણાવે છે. ત્યારે આનો તે દોષ દૂર કરવો જોઈએ એવી શંકા થાય તેથી 'તિક્ષ્ણ કિરણોવાળા માણસોના નયનોને આંજી દેતો' શબ્દોથી તેનો આ સ્વભાવિક દોષ કહેલ છે. જ્ઞાન આપનાર ભગવાન અહીં પધારેલ છે ત્યારે જ્ઞાનના સાધનને દૂર કરે છે. તેથી તેનો ઉપાય કરવો જોઇએ. (૭)

શ્લોકાર્થ - ૮ : ખરેખર ! ઉત્તમ દેવો ત્રણ લોકમાં આપના માર્ગને શોધે છે. હમણાં યાદવોમાં છુપાયેલા જાણીને આવે છે. અથવા બ્રહ્મા આપનાં દર્શન કરવા આવે છે. (૮)

ભાવાર્થ, સુબોધિનીજી : દેવો આવે છે તેમને કંઇ રીતે અટકાવવા ? તેમાં પણ પોતાના પ્રભુના દર્શન કરવા આવતાં તેમને કેવી રીતે અટકાવવાં ? વળી હમણાં આપણને યાદવોમાં છુપાએલા જાણીને આવે છે. તેમાં જો કોઇ અટકાવે તો આજ અમને ઠગે છે એમ માની તેને હણે.

છતાં પણ સૂર્ય નહિ આવતો હોય કારણ કે તે હમેશાં આકાશમાં ફરવામાં રોકાએલો છે એવી શંકા થાય અથવા બ્રહ્મા દર્શન કરવા આવે છે. અવતરેલા ભગવાન બીજુરૂપ ધારણ કરવાથી જુદા પ્રકારના થતાં પહેલાંનો વ્યવહાર યોગ્ય નથી. તેથી હે પ્રભુ ! એવું સંબોધન છે. (૮)

તે વખતે કર્મનો ત્યાગ ન કરવો જોઈએ તે હવે કહે છે.

श्रीशुक उवाच - निशम्य बालवचनं प्रहस्याम्बुजलोचन: ।
प्राह नासौ रविर्देव: सत्राजिन्मणिना ज्वलन् ॥९॥

बालानां अज्ञानां वचनम् । ते हि स्वोत्कर्षमेव विचारयन्ति । नतु निमित्तम् । तथैतेऽपि स्वोत्कर्षत्वेन मदुत्कर्षमेव भावयन्ति । ततो यं कश्चन समागच्छन्तं महत्वेन मत्सम्बन्धित्वेन च कल्पयन्ति । तस्मात् स्वोत्कर्षपरान् अज्ञान् दृष्ट्वा प्रहस्य दृष्ट्यैव तेभ्य: सुखं दत्तवानित्याह **अम्बुजलोचन** इति । असौ देवरूपो रविर्न भवति, किन्तु रवेस्तेजो । रविभक्तश्चायं भवति, तेन देवपदं संगच्छते, किन्तु सत्राजिदयम् । कथमेवं जात इति चेत्, तत्राह **मणिना ज्वलन्निति** ॥९॥

मणिना तस्य भोगमुक्त्वा अर्थसम्पत्तिमाह सत्राजित्स्वगृहमिति ।

<u>શ્લોકાર્થ -૯ :</u> અજ્ઞાનીઓનું વચન સાંભળીને કમળ જેવા નયનોવાળા ભગવાને હસીને કહ્યું કે આ સૂર્યદેવ નથી. મણીથી પ્રકાશતો સત્રાજિત છે. (૯)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> 'બાળાનાં' અજ્ઞાનીઓનું તે વચન હતું. તેઓ કારણ જાણતા નથી. પણ પોતાની સરસાઇનો વિચાર કરે છે. તેથી જે કોઇ આવતો હોય તેને મોટો અને મારો સંબંધિ માને છે. તેથી તે અજ્ઞાનીઓને જોઇને ભગવાને હસીને કહ્યું. તેમને પોતાની દૃષ્ટિથી સુખ આપ્યું એમ 'કમળજેવા નયનોવાળા' શબ્દથી કહેલું છે. આ સૂર્યદેવરૂપ નથી. પરંતુ સૂર્યનું તેજ છે. અને આ સત્રાજિત સૂર્યનો ભક્ત છે. તેથી દેવ શબ્દ બરાબર વાપર્યો છે.પરંતુ આ સત્રાજિત છે. આવો પ્રકાશીત કેવી રીતે થયો. એવી શંકા થાય તેથી 'માણીથી પ્રકાશતો' વિશેષણ યોજેલ છે. (૯)

નીચેના શ્લોકથી મણિથી તેને ધનની પ્રાપ્તિ થવાનું જણાવે છે.

सत्राजित्स्वगृहं श्रीमत्कृतकौतुकमङ्गलम् ।
प्रविश्य देवसदने मणिं विप्रैर्न्यवेशयत् ॥१०॥

भगवत्कृपा पूर्वमेव श्रीमत्कृतापिन कौतुकानि मङ्गलानि च मत्र । अनेन

धर्मकामौ निरूपितौ । एवं स्वतः सिद्धत्रिवर्गं गृहं प्रविश्य तत्र भक्त्यतिशयात् देवसदने देवपूजागृह दैत्यानां प्रवेशाभावाय विप्रैः सह मन्त्रपूर्वकं मणिं न्यवेशयत् । नितरां स्थापितवान् ॥१०॥

स्थापितस्य फलमाह दिने दिने इति ।

શ્લોકાર્થ - ૧૦ : જેમાં ઉત્સવ અને મંગલ કરાવેલ છે. તેવા સંપતિવાળા પોતાના ઘરમાં પ્રવેશ કરી સત્રાજિતે દેવમંદિરમાં મણિને બ્રાહ્મણો પાસે મુકાવ્યો. (૧૦)

ભાવાર્થ, સુબોધિનીજી : ભગવાનની કૃપાથી જેમાં ઉત્સવ અને મંગલ કરાવેલ છે. તેવું સત્રાજિતનું ઘર થયું. આથી ધર્મ અને કામ બંને જણાવ્યા એવી રીતે ધર્મ, અર્થ અને કામ એ ત્રણનો સમુહ જેને પ્રાપ્ત થએલો છે તેવા ઘરમાં પ્રવેશ કરીને સત્રાજિતે તે મણિમાં પોતાની ઘણી ભક્તિ હોવાને લીધે 'દેવસદને' દેવની પૂજા કરવાના મંદિરમાં બ્રાહ્મણો પાસે મંત્રપૂર્વક મણિને સારી રીતે મૂકાવ્યો. (૧૦)

હવે તેનું ફલ કહે છે.

दिने दिने स्वर्णभारानष्टौ स सृजति प्रभो ।
दुर्भिक्षमार्यरिष्टानि सर्पाधिव्याधाधयोऽशुभाः ।
न सन्ति मायिनस्तत्र यत्रास्तेऽभ्यर्चितो मणिः ॥११॥

पञ्चमणमात्रं भारः, चत्वारिंशद्धरणानि मण उच्यते मानविशेषः । ते चाष्टौ । चत्वारिंशन्मणान् सुवर्णस्य प्रत्यहं सृजति । सविता हि तस्य मूलम् । अतोऽयमपि प्रसविता । प्रभो इति सम्बोधनं तदाकाङ्क्षाभावाय । न केवलमिष्टसाधकत्वम्, किन्त्वनिष्टनिवारकत्वमपीत्याह दुर्भिक्षेति । अनावृष्टिकृतं दुर्भिक्षम् । मारी शीतलादिदेवाधिष्ठितव्याधिमरणम् । अरिष्टान्यन्यानि आधिव्याधिहेतुभूतानि । आधिव्याधयश्च । अशुभाः स्वप्नादयोऽपि । मायिनो राक्षसाः पूतनादयः । यत्रायमभ्यर्चितो मणिस्तिष्ठति, तत्र नैते भवन्तीति मणेर्दृष्टसामर्थ्यं निरूपितम् ॥११॥

अयोग्ये महान् धर्मो न युक्त इति विचार्य भगवान् अनेन मणिना सत्राजितो नाशो

VIBRANT PUSHTI VADODARA

भविष्यतीति, स्वपुरे च नाशो न युक्त इति, देवान्तराणामत्र सामर्थ्याभावात् तत्प्रसादोऽपि व्यर्थ इति, तस्य लोकद्वयेष्टसिद्ध्यर्थं यावद्द्रव्यं तत उत्पद्यते, तावद्ग्रामादिद्वारा तस्मै दापयित्वा, उग्रसेनाय मणिं दापयितुं सत्राजितं प्रति किञ्चिदुक्तवानित्याह स याचित इति ।

શ્લોકાર્થ - ૧૧ : હે પ્રભુ ! દિવસે દિવસે તે આઠ ભાર સોનું ઉત્પન્ન કરતો જ્યાં તે મણિ રહેતા ત્યાં દુકાળ, અનિષ્ટ, સર્પ, મનના રોગ દેહના રોગ, અશુભ અને માયાવાળાઓ રહેતા નહિ. (૧૧)

ભાવાર્થ, સુબોધિનીજી : ભાર એટલે પાંચ માણ. ૪૦ શેરે એક માણ થાય. તે તોલનું માપ છે. તે આઠ એટલે ચાલીસ માણ સોનું દરરોજ ઉત્પન્ન કરતો. કારણ કે તેની ઉત્પત્તિ સૂર્યથી થએલી તેથી આ મણિ ઘણું ઉત્પન્ન કરનારો હતો. હે પ્રભુ ! એ સંબોધન કરેલું છે. મણિ માત્ર ઈચ્છેલું પ્રાપ્ત કરાવનાર ન હતો. પણ અનિષ્ટને પણ દૂર કરતો ઈચ્છેલું પ્રાપ્ત કરાવનાર ન હતો પણ અનિષ્ટને પણ દૂર કરતો એમ કહેલ છે. દુકાળ એટલે વરસાદ ન વરસવાથી અનાજની તંગી.મારી એટલે વ્યાધિથી થતાં મરણ. અરિષ્ટ એટલે મનના અને દેહના રોગના કારણરૂપ મરણનાં ચિન્હો.મનના રોગો, દેહના રોગો અશુભ સ્વપ્નો -રાક્ષસો -પુતના વિગેરે માયાવાળાઓ જ્યાં પુજેલા આ મણિ રહેતો ત્યાં રહેતા નહિ. તેનું સામર્થ્ય હતું. (૧૧)

અયોગ્ય પુરૂષમાં મોટો ધર્મ યોગ્ય નથી એમ વિચારી આ મણિને લીધે સત્રાજિતનો નાશ થશે અને પોતાના શહેરમાં તેનો નાશ થાય તે ઠીક નહિ. બીજા દેવોની અહીં દ્વારકામાં તેનો નાશ થાય તે ઠીક નહિ. બીજા દેવોની અહીં દ્વારકામાં સત્તા નથી તેથી તેની કૃપા પણ નકામી છે. એવા હેતુથી એવો હેતુથી સત્રાજિતને ભગવાને ઉગ્રસેનને મણિ અપાવવા માટે કાંઈક કહ્યું તે હવે કહે છે.

स याचितो मणिं क्वपि यदुराजाय शौरिणा ।
नैवार्थकामुकः प्रादाद्याच्ञाभङ्गमतर्कयत् ॥१२॥

क्वापीति । कियत्कालं प्रयच्छ । यावता मृत्युरुपगच्छति । ततः स्वयमेव ग्राह्यमिति भगवदभिप्रायो बोधितः । ननु तस्यैव मृत्युर्भविष्यतीत्याशङ्क्याह

VIBRANT PUSHTI * VADODARA *

यदुराजायेति । शौरिणेति सामर्थ्यं दापने निरूपितम् । लौकिकपक्षपातश्च । तथापि न दत्तवानित्याह नैवार्थकामुक इति । स ह्यर्थमेव कामयते सिद्धम्, न तु मृत्युनिराकणमपि, अतो न प्रादात् । यथैवायं न याचते, तथोपायं च विचारितवान् । सूर्यो वक्तव्यः, तद्द्वारा उपद्रवश्च कारणीयः, ततो न याचिष्यतीति याञ्चाभङ्ग तर्कितवान् ॥१२॥

एवं दोषद्वयं तस्य निरूपितम् । आज्ञोल्लङ्घनमपकारचिन्तनं चेति । तत्र स्वस्यैवापकारो जातः । आज्ञाभङ्गफलं मृत्युरपि जात इत्यध्यायद्वयेन निरूप्यते । एतादृशोऽपि मणिः भगवद्भावरहितः अनर्थपर्यवसायी जात इति निरूपयन् भगवदाज्ञाल्लङ्घनात् तदीयानां बुद्धिरेव दुष्टा जातेति, पूज्यमपि मणिं सत्राजिन्मात्रपरिधेयं च, भक्तस्यैव भगवद्धर्मा उपकारिण इति सामन्यं तं मणिं ज्ञात्वा प्रसेनोऽपि तत्प्रतिष्ठार्थं तद्भ्राता कण्ठे उन्मुच्यगत वानित्याह तमेकदेति ।

<u>શ્લોકાર્થ - ૧૨ :</u> કાંઇ સમયે શૌરીએ યાદવોનારાજા માટે તેની પાસે મણિ માગ્યો. ધનની કામનાવાળાએ તે નજ આપ્યો અને માગણી ન થાયતે માટે વિચાર કરવા લાગ્યો. (૧૨)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> કોઇ સમયે શબ્દથી જેટલા સમયમાં તારૂં મૃત્યું દૂર થાય તેટલા સમય માટે તુ મણિ આપ અને પછી તું પોતે પોતાની પાસે રાખજે. પણ મણિ હોય તેનું જ મૃત્યુ થાય એવી શંકા થાય તેથી 'યાદવોના રાજા માટે' શબ્દ યોજેલ છે. 'શૌરિએ' શબ્દથી મણિ ઉગ્રસેનને આપવાનું જણાવેલ છે. છતાં મણિ તેને આપ્યો નહિ. એમ 'ધનની કામનાવાળાએ' શબ્દોથી તે મણિ ન જ આપ્યો. કારણ કે તે પ્રાપ્ત થએલ ધનથી કામના રાખતો હતો. પણ મૃત્યુની દૂર કરવાની કામના નહતો રાખતો. તેથી તેને ન આપ્યો.

ભગવદભાવ વિનાનો આવો મણિ નુકશાનકારક થયો એમ જણાવતાં ભગવાનની આજ્ઞાના ઉલ્લંઘનથી તેમની બુદ્ધિ જ દુષ્ટ થઇ તેથી ભગવાનના ગુણો ભક્ત ઉપર જ ઉપકાર કરનારા હોવાથી માત્ર સત્રાજિતને પહેરવા યોગ્ય તે પૂજ્ય મણિને સામાન્ય મણિ જાણીને તેનો ભાઇ પ્રસેન તેની પોતાની કિર્તી થાય તે માટે કંઠમાં મણિ રાખીને મૃગયા રમવા ગયો એમ નીચેના

શ્લોકથી કહે છે. (૧૨)

तमेकदा मणिं कण्ठे प्रतिमुच्य महाप्रभम् ।
प्रसेनो हयमारुह्य मृगयां व्यचरद्वने ॥१३॥

कण्ठे मणिं प्रतिमुच्य एतत्प्रभया मृगा अन्धा भविष्यन्ति, ततो धर्तव्या इति, महाप्रभं सूर्यवत्प्रकाशमानम्, प्रसेनः, प्रकृष्टसेनायुक्तोऽपि एकाकी हयमारूह्य मृगयां कर्तुं व्यचरत् । मृगा यान्त्यस्यामिति मृगनाशिका राजलीला मृगया, तामुद्दिश्य वने व्यचरत् ॥१३॥

महाप्रभत्वात् असहिष्णुः सिंहः तं हत्वा मणिं नीतवानित्याह प्रसेनमिति।

શ્લોકાર્થ : *એક સમયે તે ઘણા તેજસ્વી મણિને કંઠમાં પહેરીને ઘોડા ઉપર બેસીને પ્રસેન વનમાં મૃગયા કરવા ગયો. (૧૩)*

ભાવાર્થ, સુબોધિનીજી : આના તેજથી જનાવરો આંધળા થશે અને પછી પકડાશે એવા વિચારથી તે તેજસ્વી મણિને કંઠમાં પહેરીને પ્રસેન એકલો ઘોડા ઉપર બેસીને મૃગયા કરવા ફરતો હતો. મૃગયા એટલે જાનવરોને નાશ કરવાની રમત. તે ફરતો હતો. (૧૩)

મણિ ઘણા તેજવાળો હોવાથી તેના તેજનો વિરોધ કરનાર સિંહ તે પ્રસેનને હણીને મણી લઈ ગયો. તે હવે કહે છે.

प्रसेनं सहयं हत्वा मणिमाच्छिद्य केसरी ।
गिरिं विशञ्जाम्बवता निहतो मणिमिच्छता ॥१४॥

अलौकिकेनोपायेन न मृगा हन्तव्याः, भगवांस्तेषु नालौकिकं दत्तवानिति, मृगयैव तदर्थं निर्मिता । तेषां वधं मणिना चिन्तयन् तेनैव स्वमृत्युं प्राप्तवान् । स मणिर्दैवरूप इति क्रुद्धो मणिर्यत्रैव स्थितः, तमेव घातयतीति परम्परया बहूनां वध उच्यते । हयसहितं प्रसेनं हत्वा मणिः केसरिणा गृहीतः । सोऽपि निकृष्टस्थाने मणिं नयन् गिरिं विविक्षन् कन्दरां प्रविशन् जाम्बवता निहतः । ननु महान् सः, किमिति सिंहं हतवान्, तत्राह मणिमिच्छतेति । अहतः सिंहो मणिं न मुञ्चतीति ॥१४॥

तस्य मणेः प्रयोजनमाह सोऽपि चक्र इति ।

<u>શ્લોકાર્થ - ૧૪ :</u> પ્રસેનને ઘોડા સાથે હણી, મણી પડાવી લઇ સિંહ પર્વતમાં પ્રવેશ કરતો હતો ત્યારે મણીની ઇચ્છાવાળા જાંબુવાને તેને હણ્યો. (૧૪)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> અલૌકિક ઉપાયથી જાનવરોને હણવા ન જોઇએ કારણ કે ભગવાને તેઓને અલૌકિકતા આપેલ નથી. તેને હણવા મૃગયાજ નકિક કરેલ છે. મણિને લીધે જ તે મરણ પામ્યો. તે મણિ દેવરૂપ હોવાથી, કોપેલો મણિ જેની પાસે રહે તેની જ હત્યા કરાવે છે. એમ પરંપરાથી કહેવામાં આવેલ છે. ઘોડા સાથે પ્રસેનને હણીને સિંહે મણિ લીધો. પર્વતમાં પ્રવેશ કરતાં તેને જાંબુવાને હણ્યો.

તે જાંબુવાન મોટા મનવાળો હતો તો તેને સિંહને કેમ હણ્યો? એવી શંકા થાય તેથી 'મણિની ઇચ્છાવાળો' વિશેષણ યોજેલ છે. તેને સિંહને હણ્યો તે સિવાય સિંહ મણિ મુકતો ન હતો. (૧૪)

જાંબુવાનને તે મણિનું જે પ્રયોજન હતું તે હવે કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

सोऽपि चक्रे कुमारस्य मणिं क्रीडनकं बिले ।
अपश्यन्भ्रातरं भ्राता सत्राजित्पर्यतप्यत ॥१५॥

बिले स्वस्थानविवरे कुमारस्यातिबालकस्य (स्थाने) क्रीडनकं क्रीडासाधनं चक्रे । एतावदेकेनैव दिनेन निर्वृत्तम् । ततो भ्रातृस्नेहात् भ्रातरमपश्यन् सत्राजित्पर्यतप्यत । मणिरपि गतो, भ्रातापि गत इति ॥१५॥

ततः किं जातमिति विचारे भ्रातुरिवास्यापि दुर्बुद्धिरुत्पन्नेत्याह प्रायः कृष्णेनेति ।

<u>*શ્લોકાર્થ - ૧૫ :*</u> *તેને પણ ગુફામાં મણિને કુમારનું રમકડું બનાવ્યું. ભાઇને નહિ જોતાં ભાઇ સત્રાજિત દુઃખી થયો. (૧૫)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> ગુફામાં નાના બાળકના રહેવાના સ્થાનમાં મણિને રમવાનું સાધન બનાવ્યું. આટલું એક જ દિવસમાં થયું. પછી ભાઇને શોધવા માટે શત્રાજિતે માણસો મોકલ્યા. પણ તે કોઇ જગ્યાએ પણ મળ્યો નહિ. તેથી ભાઇના સ્નેહને લઇને ભાઇને નહિ જોતાં સત્રાજિત દુઃખી થયો

કારણ કે મણિ પણ ગુમાવ્યો અને ભાઈ પણ ગુમાવ્યો. (૧૫)

પછી શું થયું ? ભાઈની પેઠે સત્રાજિતની પણ બુદ્ધિ દુષ્ટ થઈ તે નીચેનાં શ્લોકથી કહે છે.

प्राय: कृष्णेन निहतो मणिग्रीवो वनं गत: ।
भ्राता ममेति तच्छ्रुत्वा कर्णे कर्णेऽजपञ्जना: ॥१६॥

अयमपि गत: । भगवान् स्वतोऽन्येन वा स्वयमपि मृगयां गतो मारितवानिति । प्राय इत्युत्कटा कोटि: । कृष्ण एव समर्थो मणिगुणान् दूरीकर्तुम् । हेतुश्चाप्यस्मि । मणि: पूर्वं याचित इति, वने च मारणे न कोऽपि ज्ञास्यतीति । एवं निश्चित्य भगवति क्लिष्टमारोपितवान् । ननु केनापि नोच्यते, कथं त्वं कल्पयसीत्याशङ्क्याह भ्राता ममेति । मम तु प्रिय इत्यहं ब्रवीमि, अन्य: किमर्थं वक्ष्यतीति भाव: । तद्गृह उक्तं भार्यादिस्थाने, पश्चात्कर्णे कर्णे समागतमजपन् । मन्त्रवत् शनै: भगवत्कीर्तिमुक्तवान् । यतो जन:, नह्यल्पेन दोषेण जन्ममरणादिकं प्राप्नोति ॥१६॥

पूर्वं भगवान् विदितवृत्तान्तोऽपि लोकन्यायेनैव व्यवहरन् स्वयमपि श्रुत्वा आप्तमुखात् तत्प्रतीकारार्थं यत्नं कृतवानित्याह भगवानिति ।

<u>શ્લોકાર્થ-૧૬:</u> *કંઠમાં મણિ રાખીને વનમાં ગયેલા મારા ભાઈને ઘણું કરી શ્રીકૃષ્ણે મારી નાખ્યો છે. એમ તેને કહ્યું. તે સાંભળીને જનો એકબીજાને કહેવા લાગ્યા. (૧૬)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> આ પ્રસેન મૃગયા કરવા ગએલો, ભગવાન પણ મૃગયા કરવા પધારેલા. તેમને પ્રસેનને હણ્યો અથવા બીજા પાસે હણાવ્યો. તે 'ઘણું કરી' શબ્દથી કહેલ છે. આ ઉત્તમ માન્યતા છે. શ્રીકૃષ્ણ મણિના ગુણોને હટાવવા શક્તિવાળા છે. વળી પહેલાં તેમને મણિ માગેલો અને વનમાં કોઈને ખબર નહિ પડે એમ વિચારી હણવાનું કારણ કહી તહોમત મૂક્યું. કોઈ પણ એક કહેતું નથી. તો તે કેમ એવો વિચાર કર્યો ? એવી શંકામાં 'મારો ભાઈ' શબ્દ યોજેલ છે. મને તો મારો ભાઈ પ્રસેન વ્હાલો હતો. તેથી હું કહું છું. તેને સ્ત્રીઓને આ કહેલું . તેથી એકબીજાના કાને વાત આવતાં લોક ધીરે ધીરે બોલવા લાગ્યા.

મંત્રની પેઠે ભગવાનની અપકિર્તિ બોલતા હતા. કારણ કે જન એટલે જન્મ લેનારા હતા.હલકા દોષથી જન્મમરણ પ્રાપ્ત થતા નથી. (૧૬)

ભગવાન પહેલાં આ વૃતાંત જાણતા હતા. છતાં લોકના નિયમ મુજબ વ્યવહાર કરતાં તેનો ઉપાય કરવા પ્રયત્ન કર્યો. તે કહે છે.

VIBRANT PUSHTI
VADODARA

भगवांस्तदुपश्रुत्य दुर्यशो लिप्तमात्मनः ।

मार्ष्टुं प्रसेनपदवीमन्वपद्यत नागरैः ॥१७॥

तद्वृत्तान्तं श्रुत्वा आप्तमुखात् अकस्माद्वा उपश्रुत्य । उपश्रुतिः सर्वानेव ज्ञापयति। ततस्तत्प्रतीकारार्थं प्रवृत्त इति वक्तुं निराकणीयत्वे हेतुमाह दुर्यशो लिप्तमिति । दुर्यशस आलिप्तमालेपनं लेपवदुपर्यपि प्रतिभासनम् । आत्मन इति । यदि भगवान् न दूरीकुर्यात्, सर्वेषामात्मा स्वयमिति तद्दोषे कस्यापि मुक्तिर्न भवेत्। अतो युक्तमेव तन्निराकणम् । तल्लोकन्यायेनैव कर्तव्यमिति प्रसेनपदवी नागरैः पदमार्गाभिज्ञैः तद्गतमार्गमन्वपद्यत । तेनैव मार्गेण स्वयं नागरैः सह गतः । अन्यथा लोकः कृत्रिमं जानीयात् ॥१७॥

ततस्तं दृष्टवानित्याह हतं प्रसेनमिति ।

<u>શ્લોકાર્થ - ૧૭ :</u> ભગવાન તે સાંભળીને પોતાને ચોટેલું કંલક દૂર કરવા નગરવાસીઓ સાથે પ્રસેનના પગલે પગલે પધાર્યા. (૧૭)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> તે વૃત્તાંત સાંભળીને ભગવાન પ્રસેનના પગલે પગલે 'પોતાને ચોટેલું કલંક દૂર કરવા શબ્દોથી ઉપાયનું પ્રયોજન કરેલ છે. પોતાને શબ્દથી જો ભગવાન તેને તે દોષ રહેવાથી કોઈની પણ લોકના નિયમ મુજબ પ્રયત્ન કરવો જોઈએ તેથી ભગવાન નગરવાસીઓ સાથે પ્રસેનના પગલે પગલે પધાર્યા. તે પ્રસેન ગયો હતો તેજ માર્ગે બધાની સાથે પધાર્યા. તેમ ન કરે તો લોકો બનાવટ છે એમ માને .

પછી તેને જોયો તે નીચેના શ્લોકથી કહે છે. (૧૭)

हतं प्रसेनमश्वं च वीक्ष्य केसरिणा वने ।

तं चाद्रिपृष्ठे निहतमृक्षेण ददृशुर्जना ॥१८॥

केसरिनखनां चिह्नदर्शनात् केसरिणैव हतं ज्ञातवन्तः । ततो मणिरप्यस्मै देय इति, यादवः स्वगोत्रजो मारित इति, पदाभिज्ञैरेव केसरिमार्गमन्वगमत् । तं चापि अद्रिपृष्ठ पर्वतोपरि निहतं ददशुः सर्व एव जनाः । तत्रापि ऋक्षेण ऋक्षपदचिह्नैस्तज्ज्ञानम् ॥१८॥

શ્લોકાર્થ - ૧૮ : લોકોએ પ્રસેનને અને ઘોડાને વનમાં સિંહથી હણાએલા જોયા અને તેને પર્વત પર રીંછે હણેલો જોયો. (૧૮)

ભાવાર્થ, સુબોધિનીજી : સિંહના નખોના ચિન્હ દેખાડવાથી સિંહે જ હણેલો જાણ્યો. પછી મણિ પણ સત્રાજિતને અપાવાનો હતો તેથી સિંહે પ્રસેનને હણ્યો હતો તેથી ભગવાન પગલાનાં ચિન્હો જાણનાર સાથે સિંહ ગયો હતો તે માર્ગે પધાર્યા. તેને પણ પર્વત પર હણાએલો લોકોએ જોયો. તે પણ રીંછથી હણાએલો હતો. તે રીંછના પગલાથી જાણ્યું.(૧૮)

રીંછને શોધવા ભગવાને પ્રવૃતિ કરી તે હવે કહે છે.

ऋक्षान्वेषणार्थं भगवान् प्रवृत्त इत्याह ऋक्षराजबिलमिति ।

एक्को विवेश भगवानवस्थाप्य बहिः प्रजाः ॥१९॥

यद्यपि भगवान् भक्तार्थमेव तत्र प्रविष्टः, तथापि लोके मण्यर्थं कष्टमपि कृतवानिति ज्ञापयितुं तस्मिन्बिले प्रविष्टः । ननु ऋक्षः प्राकृतः पशुः, भगवानंस्तत्र किमर्थं गत इत्याशङ्क्याह राजेति । ऋक्षाणां राजा महानेव भवति । तत्रान्यस्य प्रवेशाभावाय विशिनष्टि भीममन्धेन तमसावृतमिति । अन्तःकरणस्य इन्द्रियाणां च प्रवृत्त्यभावाय विशेषणद्वयम् । अन्धतमः कदापि सूर्यतेजोरहितम् । अनेन मणिनापि तत्र प्रकाशो न कृत इति सूचितम् । अतो भगवान् अन्यान् स्थापयित्वा दयावन्तमिवात्मानं ज्ञापयित्वा। साधारणत्वादसमर्थत्वादनियामकत्वाच्च ताभिर्भगवन्निवारणं न कृतमिति ज्ञापयितुं प्रजापदम् । साधारणास्तु ततो निवृत्ता इति ज्ञापयितुं प्रजानामेवावस्थापनमाह । प्रायश्चित्तमेकेनैव कर्तव्यमिति मर्यादां प्रालयन्निव भगवानेक एव प्रविष्टः यादवा अपि भगवदिच्छया अकीर्त्यापि शङ्किता न सङ्गे गताः॥१९॥

तत्र प्रविष्टस्य मणिदर्शनमाह तत्र दृष्ट्वेति ।

શ્લોકાર્થ -૧૯ : પ્રજાને બહાર રાખીને રીંછરાજની ભયંકર અને ગાઢ અંધકારથી છવાએલી ગુફામાં ભગવાન એકલા પધાર્યા. (૧૯)

ભાવાર્થ, સુબોધિનીજી : જો કે ભગવાન ભક્તને માટે જ ત્યાં પધાર્યા હતા. છતાં પણ મણિને માટે તે ગુફામાં પ્રવેશ કર્યો. રીંછ હલકો પશુ છે. ભગવાન ત્યાં ગુફામાં શા માટે પધાર્યા? એવી શંકા થાય તેથી 'રાજ' શબ્દ યોજેલ છે. રીંછનો રાજા મોટો હોવો જોઈએ. 'ભયંકર અને ગાઢ અંધકારવાળી ગુફામાં' વિશેષણો કહેલા છે. ત્યાં અન્તઃકરણ અને ઈંદ્રિયોના કાર્યો થઈ શકે એવાં નહતાં તે બે વિશેષણો કહેલા છે.

ગાઢ અંધકારને લીધે સૂર્યનું તેજ તેમાં પ્રવેશ કરતું નહતું તેથી મણિએ પણ ત્યાં પ્રકાશ કરવો ન હતો.તેથી ભગવાન બીજાઓને બહાર રાખીને પોતે દયાળુ હોઈ એકલા જ ગુફામાં રોક્યા નહિ પણ તેઓ પાછા દ્વારકાં ગયાં.

'પ્રાયશ્ચિત એકલાજ કરવું જોઈએ' એવી મર્યાદાનું પાલન કરતા હોય તેમ ભગવાન એકલા જ ગુફામાં પધાર્યા. યાદવો પણ ભગવાનની ઈચ્છાથી અને અપકિર્તિના ભયથી સાથે ગયા નહિ. (૧૯)

VIBRANT PUSHTI
VADODARA

ત્યાં પ્રવેશ કર્યા પછી ભગવાને મણિ જોયો તે હવે કહે છે.

तत्र दृष्ट्वा मणिश्रेष्ठं बालक्रीडनकं कृतम् ।
हर्तुं कृतमतिस्तस्मिन्नवतस्थेऽर्भकान्तिके ॥२०॥

यद्यपि तत्र नागलोकमण्यः अन्येऽपि दिव्याः सन्ति, ततः स्यमन्तकपरिज्ञानं कठिनम्, तथापि स्वत एवोत्तममिति लौकिकेनापि प्रकारेण ज्ञातुं शक्यमिति ज्ञापयितुं मणिश्रेष्ठमित्युक्तम् । तथापि मणिः गुप्त एव स्थाने स्थाप्यत इति भगवान लौकिकप्रकारेण कथं दृष्टवान्, तत्राह बालक्रीडनकमिति । बलास्य क्रीडार्थमुपरि निवद्धमित्यर्थः । पुराणान्तरे तु स्यमन्तकमणिज्ञापकं वाक्यमपि श्रुतवानित्युक्तम् । तत्र धात्रीबालं लालयन्ती आह । सिंह प्रसेनमवधीत् सिंहो जाम्बवता हतः । सुकुमारक मा रोदीस्तव ह्येष स्यमन्तक इति । अतो लौकिकेनापि प्रकारेण ज्ञात्वा

अपकीर्तिनिराकणार्थमिदं हर्तव्यमिति स्वाभाविकं चैतस्य न भवतीति, उपयोगश्च तथा नास्तीति, बालप्रबोधो वर्णमाणिापि भवतीति, पूजाभावात् धनप्रसवो नास्तीति, सुवर्णेनाप्युपयोगाभाव इति, अक्लिष्टमपि पामरा न प्रष्टव्या इति स्वयमेव हर्तुं कृतमतिर्जात : । ततो मत्यैव सर्वा सामग्री अक्लिष्टत्वाय सम्पादितेत्याह । आद्रौ भगवान् अर्भकान्तिके तूर्णीं कियत्कालमवतस्थे, न तु गृहीत्वा ततो निर्गतः । चौर्यादिना जीवन् अपथप्रवृत्तः महानपि भक्तोपि विषयासङ्गात् प्राकृतो जातः अतस्तत्सम्बन्धात् तदीया अपि प्राकृता एव जाताः ॥२०॥

अतो भगवान्तं दृष्ट्वा सद्बुद्ध्यभावात् विषयाभिनिवेशाच्च विचारमकृत्वापि आक्रोशं कृतवतीत्याह तमपूर्वमिति ।

<u>શ્લોકાર્થ - ૨૦ :</u> *ત્યાં ઉત્તમ મણીને બાળકનું રમકડું બનાવેલું જોઈને તેને હરવાનો વિચાર કરી ભગવાન તે બાળકની નજીક ઉભા રહ્યા. (૨૦)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> જો કે ત્યાં પણ બીજા દિવ્ય નાગલોકના મણિઓ હતા. તેથી આ સ્યમંતકને ઓળખવો કઠીન હતો છતાં પણ તે સ્વભાવથી ઉત્તમ હતો તેથી 'ઉત્તમમણીને' શબ્દો યોજેલ છે. છતાં પણ મણી છુપા સ્થાને રાખવામાં આવે છે. તો ભગવાનને તેને લૌકિક પ્રકારથી કેવી રીતે જોયો? એવી શંકામાં તેથી 'બાળકનું રમકડું બાનવેલું' શબ્દો યોજેલ છે. બાળક રમે તે માટે પારણા પર બાંધેલો હતો એવો અર્થ છે.

બીજા પુરાણોમાં એમ કહ્યું છે કે સ્યમંતકને ઓળખવાનારૂં વચન પણ ભગવાને સાંભળેલું. સિંહે પ્રસેનને હણ્યા. જાંબવાને સિંહને હણ્યો. હે સુંદર બાળક તું રડ નહિ કારણ કે આ સ્યમંતક તારો છે. એમ ત્યાં ધાવ તરફથી કહેવાએલું છે. તેથી તેને ઓળખીને અપકિર્તિ દૂર કરવા તેને લઈ જવો જોઈએ. આને તેનો ઉપયોગ નથી. મણીની પૂજા થતી ન હોવાથી ધનની ઉત્પત્તિ થતી નથી. આ જાંબવાન અને બાળકને સુવર્ણનો પણ ઉપયોગ નથી. પામર જીવોને પુંછવું ન પડે એમ કલેશ વગર પણ કાર્ય થાય એ અભિપ્રાયથી ભગવાને મણિને લઈ જવાનો વિચાર કર્યો. આરંભમાં ભગવાન બાળક પાસે કેટલો વખત સુધી શાંત

જ ઉભા રહ્યા. પણ મણિ લઈને બહાર ન પધાર્યા. (૨૦)

જાંબવાન મોટો ભક્ત હતો પણ ચોરીથી જીવન વિતાવતાં પ્રાકૃત થએલો અને તેના સંબંધને લઈને તેના સેવકો પણ પ્રાકૃત બનેલા. તેથી સદ્બુદ્ધિ નહિ હોવાથી અને વિષયમાં આસક્તિ હોવાથી ભગવાનને જોઈને વિચાર કર્યા વગર ધાવે રાડ પાડી એમ નીચેના શ્લોકથી કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

तमपूर्वं नरं दृष्ट्वा धात्री चुक्रोश भीतवत् ।
तच्छ्रुत्वाभ्यद्रवत्क्रुद्धो जाम्बवान्बलिनां वरः ॥२१॥

देवादीनामन्यतर श्चेद्वाक्स्तम्भनादिकमपि कुर्यादिति । तदभावात् भगवतो क्लिष्टकर्मत्वं ज्ञात्वा नरोऽयमिति ज्ञातवती । आकृतिवचनो वा नरशब्दः । स्वस्थस्याप्याक्रोशो भवतीति तद्व्यावृत्त्यर्थं पुत्रं वा मारयिष्यतीति बुद्ध्या जाम्ववानपि महानिति तथा भयाभावात् भीतवत् चुक्रोश । यतो धात्री वालकरक्षापरा । ततोऽन्तःकार्यान्तरव्यापृतोऽपि तद्वाक्यं श्रुत्वा समागत इत्याह तच्छ्रुत्वेति । मदायतनेऽपि मण्यर्थं कः समागत इति क्रोधः । जाम्बवानिति नाम्ना प्रसिद्धो रामायणे बुद्धिविशेषे, तादृशोऽप्यविचार्य समागतः। तत्र हेतुर्बलाभिमान इति अभिप्रायेणाह बलिनां वर इति । बलिभिरपि वरणीय इत्यर्थः । एतादृशोऽपि कालादिवशादज्ञो भूत्वा भगवता सह युद्धं कृतवानित्याह स वा इति ।

<u>શ્લોકાર્થ - ૨૧ :</u> તે નવા નરને જોઈને ભય પામેલી ધાવે રાડ પાડી.તે સાંભળીને બલવાન જાંબુવાન કોપ કરીને દોડી આવ્યો. (૨૧)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> પણ કોઈ દેવ નહિ હોવાથી અને ભગવાન કલેશ વિના કર્મ કરનારા છે એમ જાણીને આ નર છે એમ ધાવે જાણ્યું અથવા 'નર' શબ્દ આકૃતિ જણાવનારો છે. સ્વસ્થ હોય તે પણ રાડ પામે એવું સંભવે છે પણ તેમ ન હતું. પણ આ નર પુત્રને મારશે એ વિચારથી ભય પામેલીએ રાડ પાડી કારણ કે જાંબવાને પણ મોટા બહાદૂર હોવાથી ભય ન હતો. ધાવનું વચન સાંભળીને ઘરના કામમાં રચ્યો પચ્યો હોવા છતાં જાંબવાન આવ્યો 'મારા રહેઠાણે મણિ માટે કોણ આવ્યો'?

એવા વિચારથી ક્રોધ થયો. પણ તે પણ વિચાર કર્યા વગર આવ્યો. 'બલવાનોમાં ઉત્તમ' વિશેષણથી તે બલવન હતો એવો અર્થ છે. (૨૧)

પછી તેને અજ્ઞાની થઈ ભગવાન સાથે યુદ્ધ કર્યું. તે હવે કહે છે.

स वै भगवता तेन युयुधे स्वामिनात्मनः ।

पुरुषं प्राकृतं मत्वा कुपितो नानुभाववित् ॥२२॥

स्वयमपि प्रसिद्धः, तथा कुर्वन् लोके अपकीर्तिमपि प्राप्स्यतीति सूचितम् । तत्रापि वै निश्चयेन । शरीरेण जीवस्याराध्यो भगवान् । तत्राप्यात्मनः स्वामिना स्वस्यैवोपास्यरूपेण । तत्कथमित्याकाङ्क्षायामाह तेनेति । रघुनाथेन । कृष्ण एव रघुनाथः, तामेव सर्वां सामग्रीं गृहीत्वा समागत इति । स एव लक्ष्मणो बलः । सैव सीता रुक्मिणी । ते वानरा यादवाः, सैवायोध्या द्वारका, सैव सरयूर्गोमतीति । तर्हि कथं युयुधे तत्राह पुरुषमिति । प्राकृतं पुरुषं मत्वा प्रकृत्यधिष्ठातारम्, न तु पुरुषोत्तमम् । ननु महतः कथमेतादृशमज्ञानमिति चेत्, तत्राह कुपितो नानुभावविदिति । दृष्ट्वा क्रोधवशात् अलौकिकत्वं न ज्ञातवान् । पूर्वं तु कृतो गोवर्धनादेरनुभावो न श्रुतः । सत्सङ्गाभावात् विलेशयत्वाच्च । अतोऽनुभावानभिज्ञत्वात् कोपावेशाच्च स्वामित्वेनाज्ञात्वा युयुधे । अक्लिष्टकर्मा च भगवान् । अनुक्त्वैव स्वयं युद्धं कृतवान् । भगवत उत्तरार्धलीलायां प्रकृतिः कालादयश्चासहमाना जाताः । तेषां पीडार्थं, पुरुषं परित्यज्य सप्तविंशति तत्त्वानि. यथा काठिन्यं जहति, तथा मुष्टिप्रहारैः सेवककृतैः चलने पादाविव कोमलानि कृतानीत्येके । चिरकालं मल्लयुद्धाकाङ्क्षया तथा कृतमित्यन्ये । रामावतारे हि तस्मै वरो दत्तो रामेण त्वदाराधनां ग्रहीष्यामीति । पुनस्तेन विज्ञापनायां कृतायां बलं मदीयं व्यर्थं जायत इति । ततो भगवान् बुद्धिमिदानीं प्रकटीकुरु, बलं पश्चात्प्रकटीकरिष्यसीत्याह । नहि कश्चिज्जीवस्त्वत्पराक्रमं सोढुं शक्त इति । अतस्तत्र स्थापितां ज्ञानशक्तिं पूर्वावतारे गृहीत्वा इदानीं बलशक्तिमपि गृह्णन् पूजां गृहीत्वा तं मुक्तं करिष्यतीति तथा भगवदुद्योगः ॥२२॥

ग्रहादिवशाज्जयो न जायत इति कदाचित्तस्य शङ्का स्यात्, अतस्तन्निराकरणार्थं सर्वेष्वेव नक्षत्रेषु युद्धं निरन्तरं कृतवानित्याह द्वन्द्वयुद्धमिति ।

શ્લોકાર્થ - ૨૨ : કોપ પામેલા અને પ્રભાવ નહિ જાણનારા તેને પોતાના તે સ્વામીને પ્રાકૃત માનવ માનીને તેની સાથે યુદ્ધ કર્યુ. (૨૨)

ભાવાર્થ, સુબોધિનીજી : જાંબવાન પોતે પ્રસિદ્ધ હતો. પણ યુદ્ધ કરતાં તેની અપકિર્તિ થશે છતાં પણ નિશ્ચિયપૂર્વક યુદ્ધ કર્યુ.

જીવે શરીરથી ભગવાનની આરાધના કરવાની છે છતાં પણ પોતાના સ્વામી એટલે તે જેની ઉપાસના કરતો હતો તેની સાથે યુદ્ધ કર્યુ. જાંબુવાન ભગવાનની ઉપાસના કરતો હતો તે કેવી રીતે? એ શંકામાં 'તમ' તે શબ્દ યોજેલ છે. તેમની એટલે રઘુનાથની સાથે યુદ્ધ કર્યું. કારણ કે શ્રીકૃષ્ણ જ રઘુનાથ હતા. તે બધી સામગ્રી લઈને ભુતલ પર પધાર્યા હતા. બલભદ્ર તેજ લક્ષ્મણ છે. રૂકિમણી તેજ સીતા અને યાદવો વાનરો હતા. દ્વારકાં એજ અયોધ્યા અને ગોમતી તેજ સરયુ નદી હતી.

ત્યાં તેણે યુદ્ધ તેમની સાથે કેમ કર્યુ એવી શંકા થાય ? તેથી 'પ્રાકૃત પુરૂષ માનીને' શબ્દ યોજેલ છે. પ્રાકૃત પુરૂષ એટલે પ્રકૃતિને આધીન માનીને યુદ્ધ કર્યુ. પણ પુરૂષોત્તમ જાણીને યુદ્ધ કર્યુ ન હતું. મોટા જાંબવાનમાં પણ આવું અજ્ઞાન કેમ? એવી શંકા થાય તે માટે 'કોપ પામેલા અને પ્રભાવ નહિ જાણનારા' વિશેષણો યોજેલા છે. ક્રોધને લીધે અલૌકિકપણું જાણ્યું નહિ. ગોવર્ધન લીલાનો પ્રભાવ તો સત્સંગ નહિ હોવાથી અને ગુફામાં રહેનારો હોવાથી તેને સાંભળ્યો ન હતો. તેથી પ્રભાવ નહિ જાણતો હોવાથી અને ક્રોધથી તે પોતાના સ્વામીને ન જાણતાં યુદ્ધ કર્યુ. અને ભગવાન કલેશ વગર કર્મ કરનારા છે એમ જાણી કાંઈ પણ કીધા વગર યુદ્ધ કર્યુ. કેટલાક કહે છે કે પ્રકૃતિ, કાલ વિગેરે ભગવાનનો ઉદ્ધાર કરવાની લીલા સહન કરી શક્યા નહિ. તેને પીડાવા માટે ચાલીને ચરણો કોમળ કરે તેમ પુરૂષને મૂકી દેતાં બાકીના સત્તાવીશ તત્વો જેમ કઠનાઈ ત્યજી દે તેવી રીતે તેને મુક્કીના પ્રહારોથી મલ્લયુદ્ધની ઈચ્છાથી ભગવાને યુદ્ધ કર્યુ.

ભગવાને યુદ્ધ કર્યુ કારણ કે રામાવતારમાં રામે તારી પૂજા હું ગ્રહણ કરીશ એવું વરદાન આપેલું. તેથી મારૂ બલ વ્યર્થ જાય છે. એવી વિજ્ઞપ્તિ કરતાં ભગવાને કહેલું. હમણાં બુદ્ધિ પ્રગટ કર, બલ પછી તું પ્રગટ કરજે. કારણ કે કોઈ પણ જીવ તારૂ બલ સહન કરવા માટે શકિતવાળો નથી. તેથી જાંબવાનમાં જ્ઞાનશકિત

VIBRANT PUSHTI * VADODARA *

રામાવતારમાં ગ્રહણ કરીને આ કૃષ્ણાવતારમાં બલશક્તિ પણ ગ્રહણ કરીને તેની પૂજા ગ્રહણ કરીને તેને મુક્તિ આપશે એવા અભિપ્રાયથી ભગવાને ગુફામાં પધારી યુદ્ધ કરવાનો ઉદ્યમ કર્યો. (૨૨)

ગ્રહો વિગેરેના કારણથી જય થતો નતી. એવી જાંબવાનને શંકા થાય તેથી તે દૂર કરવા બધાએ નક્ષત્રોમાં ભગવાનને યુદ્ધ કર્યુ.

द्वन्द्वयुद्धं सुतुमुलमुभयोर्विजिगीषतो : ।
आयुधाश्मद्रुमैर्दोर्भिः क्रव्यार्थे श्येनयोरिव ।।२३।।

